


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૧૨ | ૧૧ ઓક્ટોબર, ૨૦૧૮, ગુરૂવાર; આસો સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**જાલંધરમાંથી ત્રણ આતંકીઓની ધરપકડ**

પંજાબ પોલીસના સીઆઈએ સ્ટાફ અને જમ્મુ-કાશ્મીર પોલીસે ઈન્ટેલીજન્સ સાથે સંયુક્ત દરોડો પાડી જાલંધરથી ત્રણ કાશ્મીરી આતંકવાદીઓની ધરપકડ કરી છે. જાલંધરની સીટી ઈન્સ્ટીટ્યૂટની હોસ્ટેલમાંથી આ આતંકીઓની ધરપકડ કરાઈ છે.

**સોલીસીટર જનરલ તરીકે તુષાર મહેતાની વરણી**

એડીશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતા હવે ભારતના નવા સોલીસીટર જનરલ બનશે. ગત વર્ષે ૨૦ ઓક્ટોબરથી આ પદ ખાલી પડ્યુ હતુ.

**બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રીના દીકરાને આજીવન કારાવાસ**

બાંગ્લાદેશની એક અદાલતે ૨૦૦૪ના ગ્રેનેડ હુમલા કેસમાં ૧૯ લોકોને મૃત્યુદંડની સજા અને ૧૯ લોકોને આજીવન કારાવાસની સજા ફટકારી છે. જેમાં પૂર્વ પ્રધાનમંત્રી ખાલિદા જીયાના દીકરા તારીક રહમાન સામેલ છે. આ હુમલામાં ૨૪ લોકોના મૃત્યુ નીપજ્યા હતા અને ૫૦૦ લોકો ઘાયલ થયા હતા.

**ઉત્તરપ્રદેશમાં રેલ અકસ્માત**

માલદા ટાઉનથી નવી દિલ્હી જઈ રહેલી ન્યૂ ફરકડા એક્સપ્રેસનું એન્જિન અને નવ ડબ્બા ટ્રેક પરથી ઉતરી ગયા હતા. આ અકસ્માતમાં સાત લોકોના મૃત્યુ નિપજ્યા છે અને ૩૫ લોકો ઘાયલ થયા છે.

# રાફેલ ખરીદ પ્રક્રિયાની માહિતી આપો : સુપ્રીમ

**૨૯મી ઓક્ટોબર સુધી ખરીદી પ્રક્રિયાની માહિતી આપવા માટે સૂચન : રાફેલ ડિલને લઇને જારી વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારને સૂચન : રાફેલ રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલો મુદ્દો છે અને ન્યાયિક સમીક્ષા થવી જોઇએ નહીં : કેન્દ્ર**




નવી દિલ્હી,તા. ૧૦

રાફેલ ડિલ ઉપર જારી વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી ખરીદી પ્રક્રિયાના સંદર્ભમાં સંપૂર્ણ માહિતી માંગી છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર પાસેથી સીલબંધ કવરમાં એ નિર્ણયની પ્રક્રિયાની વિગત માંગી છે જેના પછી રાફેલ જેટની ખરીદીને લઈને ફ્રાંસની કંપની દેશા એવિએશન સાથે સમજૂતિ થઈ હતી. કોર્ટે કહ્યું છે કે, કેન્દ્ર સરકાર ૨૯મી ઓક્ટોબર સુધી તમામ ખરીદી પ્રક્રિયાની માહિતી આપે તે જરૂરી છે. આ મામલામાં હવે ૨૯મી ઓક્ટોબરના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામન ફ્રાંસ પહોંચી ચુક્યા છે. બીજી બાજુ આજે સુનાવણી દરમિયાન તર્કદાર દલીલો કરવામાં આવી હતી. તેમની સરકારના નિર્ણયને લઈને સુપ્રીમ કોર્ટ ખાતરી કરવા માટે ઈચ્છુક છે. વિપક્ષ દ્વારા રાફેલ જેટન કિંમતોને લઈને સરકાર પર ગંભીર પ્રકારના આરોપો કરવામાં આવી રહ્યા છે. રાફેલ સાથે સંબંધિત અરજી પર સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટે નોટીસ જારી કર્યા વગર કેન્દ્ર સરકારને આ રિપોર્ટ આપવા માટે સુચના આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી સરકારના મંત્રી કૈલાશ ગહેલાતના આવાસ પર દરોડા

**એક સાથે ૧૬થી વધુ સ્થળો ઉપર દરોડા પડાયા : સત્યેન્દ્ર જૈન, મનિષ અને હવે કૈલાશ ગહેલોતની સંપત્તિ પર દરોડાને લઇને આમ આદમી પાર્ટીના કેન્દ્ર પર પ્રહારો**




નવી દિલ્હી,તા. ૧૦

આવક વિભાગના અધિકારીઓએ આજે સવારે દિલ્હી સરકારના એક પ્રધાનના આવાસ પર દરોડાની કાર્યવાહી શરૂ કરતા ખળભળાટ મચી ગયો હતો. અધિકારીઓએ કહ્યુ હતુ કે વહેલી સવારથી દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આઈટી ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ સરકારના પ્રધાન કૈલાશ ગહેલોત સાથે જોડાયેલા ૧૬ સ્થળો પર એક સાથે દરોડા પાડ્યા હતા. બીજી બાજુ આમ આદમી પાર્ટીના લોકોએ દરોડાની કાર્યવાહી રાજકીય પ્રેરિત હોવાનો આક્ષેપ કર્યો છે. દરોડા પાડવામાં આવ્યા બાદ એએપીએ ટ્વીટ કરીને કહ્યુહતુ કે અમે પ્રજાને સસ્તી વિજળી આપી રહ્યા છીએ. મફત પાણી આપી રહ્યા છીએ. યોગ્ય શિક્ષણ આપી રહ્યા છીએ. સરકારી સેવા ઘેર ઘેર પહોંચાડી રહ્યા છીએ. જ્યારે સરકાર સીબીઆઇ અને ઈડીનો ઉપયોગ કરીને અમારા મંત્રીઓ અને નેતાઓ પર તવાઇ લાવવા માટેના પ્રયાસ કરી રહી છે. દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલે પોતે ટ્વીટ કરીને કહ્યુ છે કે કેન્દ્ર સરકાર યોજનાપૂર્વક આ કાર્યવાહી કરી રહી છે.

# યુપીમાં ન્યુ ફરક્કા એક્સપ્રેસ ખડી પડી

**રાયબરેલીમાં ન્યૂ ફરક્કા એક્સ.ના ૯ કોચ પાટા પરથી ઉતર્યા : ૭નાં મોત : મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઘાયલ**

રાયબરેલી,તા. ૧૦

ઉત્તરપ્રદેશના રાયબરેલીમાં આજે વહેલી પરોઢે ન્યુ ફરક્કા એક્સપ્રેસ ટ્રેનના છ બોગી પાટા પરથી ખડી પડતા ઓછામાં ઓછા સાત લોકોના મોત થઈ ગયા હતા અને ૩૦થી વધારે લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા લોકો પૈકી નવની હાલત ખુબ ગંભીર જણાવવામાં આવી છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. આ દુર્ઘટના રાયબરેલીના હરચંદપુર સ્ટેશન નજીક બની હતી. મૃત્યુ પામેલા લૌોમાં એક મહિલા અને એક બાળક પણ સામેલ છે. બચાવ અને રાહત કામગીરીમાં સ્થાનિક લોકોની સાથે પોલીસ અને રાહત ટીમ પણ જોડાઇ હતી. આજે સવારે હરચંદપુરથી આશરે ૫૦ મીટરના અંતરે સ્થિત વિસ્તારમાં ન્યુ ફરક્કા એક્સપ્રેસ ટ્રેન પાટા પરથી ખડી પડી હતી. જેના કારણે ભારે અંધાધુંધી ફેલાઇ ગઇ હતી. લોકો બુમો પાડતા ચારેબાજુ ભાગતા નજરે પડ્યા હતા. આસપાસના લોકો

● અનુસંધાન પાન-૭ પર



## આમ્રપાલી ગ્રુપની નવ પ્રોપર્ટી સીલ કરવા સુપ્રીમના આદેશ

**ત્રણ ડિરેક્ટરોને કસ્ટડીમાં લેવાયા બાદ આદેશ જારી : નોઇડા અને ગ્રેટર નોઇડા સ્થિત સાત પ્રોપર્ટી સીલ**



નવી દિલ્હી, તા. ૧૦

સુપ્રીમ કોર્ટે આમ્રપાલી ગ્રુપની નોઈડા અને ગ્રેટર નોઈડા સ્થિત સાત પ્રોપર્ટીને સીલ કરવાનો આજે આદેશ કરતા ખળભળાટ મચી ગયો હતો. આ જગ્યા પર જ તેમની ૪૬ ગ્રુપ કંપનીઓના દસ્તાવેજ મુકવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ યુયુ લલિત અને જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે આ ઉપરાંત બિહારના રાજગીર અને બકસર સ્થિત બે પ્રોપર્ટીને પણ સીલ કરવાના આદેશ જારી કરી દીધા છે. આ પ્રોપર્ટીની ચાવી સુપ્રીમ કોર્ટના રજિસ્ટ્રારની પાસે રાખવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટે તમામ ૪૬ કંપનીઓના દસ્તાવેજ ફોરેન્સિક ઓડિટર્સને આપવાના પણ આદેશ કર્યા છે. જ્યાં સુધી સાત પ્રોપર્ટી સીલ કરવામાં આવશે નહીં ત્યાં સુધી વિવિધ પગલા લેવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આમ્રપાલી ગ્રુપ દ્વારા દસ્તાવેજ જમા કરવાને લઈને કરવામાં આવી રહેલી બેદરકારીને લઈને સુપ્રીમ કોર્ટ ભારે લાલઘૂમ છે. ગઈકાલે મંગળવારના દિવસે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આમ્રપાલી ગ્રુપના ત્રણ ડિરેક્ટરોને પોલીસે પોતાની કસ્ટડીમાં લઈ લીધા હતા. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, દસ્તાવેજો જમા કરવામાં ન આવે ત્યાં સુધી ત્રણેય ડિરેક્ટરો પોલીસની કસ્ટડીમાં રહેશે. આમ્રપાલી રિયલ એસ્ટેટ ગ્રુપના ડિરેક્ટરો અનિલકુમાર શર્મા, શિવપ્રિયા, અજયકુમારને પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. આમ્રપાલી ગ્રુપના બાકી રહેલા પ્રોજેક્ટોના પરિણામ સ્વરુપે મોટી સંખ્યામાં રોકાણકારોના પૈસા અટવાઈ પડ્યા છે.

# રેલવે કર્મચારીઓને ૭૮ દિવસનું બોનસ

**રેલવે વિભાગના ૧૨ લાખ કર્મચારીઓને સીધો લાભ થશે : કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં રેલવેના પ્રસ્તાવને લીલીઝંડી આપી દેવામાં આવી : રેલવે પર ૨૦૦૦ કરોડનો બોજ પડશે : બિનગેજેટ રેલવે કર્મીઓને લાભ**

નવીદિલ્હી, તા. ૧૦

રેલવે આ વર્ષે કર્મચારીઓને ૭૮ દિવસના પગારના બરોબરની રકમ બોનસ તરીકે આપવાની તૈયારીમાં છે. આ અંગેનો નિર્ણય લેવામાં આવી ચુક્યો છે. આજે રેલવેના આ પ્રસ્તાવને કેન્દ્રીય કેબિનેટે લીલીઝંડી આપી દીધી હતી. એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, દુર્ગા પૂજાથી પહેલા જ બોનસની ચુકવણી કરી દેવામાં આવશે. જો કે, માસિક પગારની મર્યાદા ૭૦૦૦ રૂપિયા જ રાખવામાં આવશે. આનાથી રેલવે ઉપર આશરે ૨૦૦૦ કરોડ રૂપિયાનો બોજ પડશે. બોનસ રેલવેના બિન રાજપત્રિત કર્મચારીઓને આપવામાં આવશે જે લોકોની સંખ્યા ૧૧.૯૧ લાખ જેટલી છે. દર વર્ષે દશેરાથી પહેલા બોનસની ચુકવણી કરવાની પરંપરા રહેલી છે. આમા રેલવે પ્રોટેક્શન ફોર્સ અને રેલવે પ્રોટેક્શન સ્પેશિયલ ફોર્સનો સમાવેશ કરવામાં આવતો નથી. સુત્રોના કહેવા મુજબ આ બોનસ હેઠળ એક કર્મચારીના ખાતામાં ૧૮૦૦૦ રૂપિયા સુધીની રકમ આવી શકે છે. સતત સાતમાં વર્ષે રેલવે કર્મચારીઓને ૭૮ દિવસના બોનસની ચુકવણી કરવામાં આવી રહી છે. બીજી બાજુ ૮૪ રેલવે પ્રોજેક્ટો જે ૯૯૦ અબજ રૂપિયાના છે તે કોલ ટ્રાફિકને વધુ વ્યવસ્થિત બનાવશે. એક વખતે કોલ પ્રોજેક્ટો પૂર્ણ થઈ ગયા બાદ રેલવે ૩થી ૫ વર્ષના ગાળામાં બે અબજ ટનની નુરની અવરજવરને હાથ ધરી શકશે. ભારતીય રેલવે દ્વારા ૮૪ પ્રોજેક્ટો હાથ ધરવામાં આવી ચુક્યા છે. નૂરના કાર્ગોમાં પોતાની હિસ્સેદારીને વધારવાના હેતુસર ભારતીય રેલવે દ્વારા આ પ્રોજેક્ટો હાથ ધર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાં બીજા તબક્કાની સ્થાનિક ચૂંટણી માટે મતદાન

**સેના -અર્ધલશ્કરી દળોના ૧૦ હજાર જવાનોની મજબુત હાજરીમાં ૩૮૪ વોર્ડમાં સેંકડો પોલિંગ મથક પર મતદાન**

શ્રીનગર,તા.૧૦

જમ્મુ કાશ્મીરમાં ૧૩ વર્ષના લાંબા ગાળા બાદ સ્થાનિક ચૂંટણી યોજાઈ રહી છે. આજે સ્થાનિક ચૂંટણી માટે બીજા તબક્કામાં મતદાન થયું હતું. બીજા તબક્કામાં શાંતિપૂર્ણરીતે ૫૭થી ૬૦ ટકા સુધી ઉલ્લેખનીયરીતે મતદાન થયું હતું. મોટાભાગે મતદાન શાંતિપૂર્ણ રહેતા તંત્રએ રાહત અનુભવી હતી. ૧.૨૮ લાખ મતદારો પૈકી ૫૭થી ૬૦ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતદાનને ધ્યાનમાં લઈને સેના અને અર્ધલશ્કરી દળના ૧૦ હજારથી પણ વધારે જવાનો સુરક્ષામાં ગોઠવી દેવામાં આવ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં સ્થાનિક ચૂંટણીમાં બીજા તબક્કામાં ૧૩ જિલ્લામાં ૩૮૪ વોર્ડોમાં સ્થાનિક ચૂંટણી યોજાઇ હતી. આજે બીજા તબક્કામાં મતદાન થયું હતું. ચૂંટણી અધિકારીઓના કહેવા મુજબ સામાન્ય લોકો માટે મતદાન કરવા માટેનો સમય સાત વાગ્યાથી રાખવામાં આવ્યો હતો. સવારે સાત વાગે મતદાનની શરૂઆત થયા બાદ કેટલાક રાજકીય પક્ષોના બહિષ્કાર વચ્ચે મતદાન કરવા માટે લોકો આગળ આવ્યા હતા.

## સોનાની આયાત ૧૪ ટકા ઘટી

**૨૦૧૮ના પ્રથમ ૯ માસના ગાળામાં ભારતીય સોનાની આયાત એક વર્ષ અગાઉની સરખામણીમાં ૧૫ ટકા ઘટી**

મુંબઈ, તા. ૧૦

ડોલર સામે રૂપિયાની ઉથલપાથલ વચ્ચે સપ્ટેમ્બર મહિનામાં ભારતમાં સોનાની આયાત ૧૪ ટકાથી વધુ ઘટી ગઈ છે. એક વર્ષ અગાઉની સરખામણીમાં ૧૪ ટકા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. સપ્ટેમ્બર મહિનામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ડોલર સામે રૂપિયાની માંગ ઘટી જતાં અફડાતફડી જોવા મળી રહી છે. ભારતીય આયાતકારો તરફથી માંગમાં ઘટાડો થતાં વૈશ્વિક કિંમતોમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી હતી. કિંમતમાં આ વર્ષે હજુ સુધી વૈશ્વિક સ્તરે ૮.૮ ટકાનો ઘટાડો થયો છે. જો કે, ઓછી આયાતના પરિણામ સ્વરુપે ભારતને તેની ટ્રેડ ડેફિસિટને ઘટાડવા અને રૂપિયાને ટેકો આપવામાં મદદ મળશે. ઉંચી કિંમતોના પરિણામ સ્વરુપે સોનાની આયાત સપ્ટેમ્બર મહિનામાં ઘટી છે. જો કે, ઓગસ્ટ મહિનામાં માંગ ખુબ સારી રહી હતી. ૨૦૧૮માં ડોલર સામે રૂપિયામાં ૧૪ ટકાનો ઘટાડો થઈ ચુક્યો છે. આ સપ્તાહની શરૂઆતમાં પ્રતિ ૧૦ ગ્રામ સોનાની કિંમત ૩૧૫૩૧ની સપાટીએ રહ્યો હતો જે છેલ્લા પાંચ મહિનાના ગાળામાં સૌથી ઉંચી સપાટી હતી. ઓગસ્ટ મહિનામાં ભારતમાં સોનાની આયાત એક વર્ષ અગાઉની સરખામણીમાં બે ગણી રહી હતી.

